# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21-11-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ગયાનાની સંસદને સંબોધિત કરશે.
- **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી હૈદરાબાદના 2 દિવસના પ્રવાસે**
- પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાન્તમાં બંદૂકધારીઓએ પ્રવાસી વાહનો પર ગોળીબાર કરતાં 38 લોકોના મોત
- એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે દિલ્હીમાં ચાર કરોડ રૂપિયાના માદકપદાર્થ સાથે આંતરરાષ્ટ્રીય તસ્કરોના એક જૂથની ધરપકડ કરી.
- **ચાઈના માસ્ટર્સ સ્પર્ધામાં ભારતીય ખેલાડી લક્ષ્ય સેન મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા**

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM GUYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ગયાનાની સંસદને સંબોધિત કરશે. તેઓ ગયાના અને કેરેબિયન ક્ષેત્રના ક્રિકેટ ખેલાડીઓ સાથે પણ સંવાદ કરશે. પ્રધાનમંત્રી ભારતીય સમુદાયની સભાને પણ સંબોધશે. પ્રધાનમંત્રી હાલમાં ત્રણ દિવસની ગયાના પ્રવાસ પર છે.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, શ્રી મોદી ગયાનાની સંસદના વિશેષ સત્રને સંબોધશે. તેમનું આ સંબોધન વિશ્વના રાજદ્વારી મંચ પર વધુ એક મહત્વની સિદ્ધિ છે. શ્રી મોદી વિદેશોની સંસદમાં ભારતીય લોકો તરફથી 14મી વખત સંબોધન કરશે. તેઓ એવા ભારતીય પ્રધાનમંત્રી છે, જેમણે વિદેશી સંસદોમાં સૌથી વધુ વખત સંબોધન કર્યું છે.

પ્રધાનમંત્રીએ ગઈકાલે રાત્રે ભારત-કેરિકૉમ શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. તેમણે ગયાના, ડૉમેનિકા, સૂરીનામ, ત્રિનિદાદ અને ટૉબેગો, બહામાસ, બારબાડોસ, ગ્રેનાડા અને સેન્ટ વિન્સેન્ટના નેતાઓ સાથે દ્વિપક્ષી બેઠક યોજી હતી. દરમિયાન શ્રી મોદી અને ગયાનાના રાષ્ટ્રપ્રમુખ મોહમ્મદ ઈરફાન અલી વચ્ચે આરોગ્ય, હાઈડ્રોકાર્બન અને ખેતી સહિત અનેક ક્ષેત્રમાં સહયોગ વધારવા અંગે ચર્ચા થઈ અને ત્યારબાદ ભારત અને ગયાનાએ 10 સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

## PREZ HYDERABAD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ હૈદરાબાદના 2 દિવસના પ્રવાસ પર આજે બેગમપેટ હવાઈમથક પહોંચ્યાં છે. મુખ્યમંત્રી એ. રેવન્ત રેડ્ડીએ હવાઈમથક પર તેમનું સ્વાગત કર્યું હતું.

રાષ્ટ્રપતિ આજે સાંજે કોટી દિપોત્સવમાં ઉપસ્થિત રહેશે. છેલ્લા 12 વર્ષમાં કારકત મહિનામાં દર વર્ષે આધ્યાત્મિક ટીવી ચેનલ દ્વારા કોટિ દિપોત્સવ મનાવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિ આવતીકાલે સવારે આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક મહોત્સવ લોકમંથનની ચોથી આવૃત્તિનો પ્રારંભ કરાવશે.

## PREZ HAREKRUSHNA MAHTAB

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં ઉત્કલ કેસરી ડૉ. હરેકૃષ્ણ મહતાબની 125મી જયંતિ સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે સુશ્રી મુર્મૂએ કહ્યું કે,**

**‘હરેકૃષ્ણ મહતાબ એક સ્વપ્નદ્રષ્ટા નેતા હતા.’ તેમણે કહ્યું કે, ‘તેઓ જાણતા હતા કે, ભૌતિક વિકાસની સાથે સાથે સાંસ્કૃતિક જાગૃતિ પણ જરૂરી છે.’ રાષ્ટ્રપતિએ તેમને એક પ્રખ્યાત લેખક ગણાવ્યા કે, જેમણે ઑડિશામાં કળા, સાહિત્ય અને સંગીતને પ્રોત્સાહન આપવા મહત્વનું યોગદાન આપ્યું.**

**સુશ્રી મુર્મૂએ ઉમેર્યું કે, શ્રી મહતાબે ઑડિશાના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન અનેક મહત્વના કાર્યો કર્યા. મહાનદી પર બહુહેતુક બંધ પરિયોજનાના નિર્માણમાં તેમણે મહત્વની ભૂમિકા નિભાવી. ઉપરાંત હીરાકુંડ અને અન્ય પરિયોજનાના કારણે ઑડિશા વિજળી ઉત્પાદન ક્ષેત્રમાં અગ્રણી રાજ્ય બન્યું.**

(બાઈટઃ દ્રૌપદીમુર્મૂ, રાષ્ટ્રપતિ)

## EPFO MEMBERS

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન- EPFOમાં આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં કુલ સભ્યોની સંખ્યા 18 લાખ 81 હજાર થઈ છે, જે ગયા વર્ષના આ સમયગાળા દરમિયાન 9.33 ટકા વધુ છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું કે, સભ્યોની સંખ્યામાં આ વધારો રોજગાર તકમાં વૃદ્ધિ, કર્મચારી લાભ પ્રત્યે વધતી જાગૃતિ અને સંગઠનની અસરકારક પહેલના કારણે શક્ય બન્યો છે. અસ્થાયી પે-રૉલ આંકડાઅનુસાર, પ્રવર્તમાન નાણાકીય વર્ષના સપ્ટેમ્બર મહિનામાં કુલ નવ લાખ 47 હજાર નવા સભ્યો નોંધાયા હતા. આમાં 18થી 25 વર્ષના સભ્યોની સંખ્યા વધુ છે અને આ કુલ સભ્યોના 59 ટકાથી પણ વધારે છે. મંત્રાલયે જણાવ્યું કે, પે-રૉલ આંકડાના મહિલા-પુરુષ સભ્યોના વિશ્લેષણ અનુસાર, સપ્ટેમ્બર મહિનામાં અંદાજે 2 લાખ 47 હજાર મહિલાઓ સંગઠન સાથે જોડાઈ છે અને આનાથી મહિલા કર્મચારીઓની સંખ્યામાં મહત્વપૂર્ણ વૃદ્ધિ થઈ છે.

## EPFO UAN

સરકારે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન- EPFOને આધાર નંબર સાથે જોડાયેલા ઑટીપી દ્વારા કર્મચારીઓને સાર્વત્રિક ખાતા ક્રમાંક- UAN સક્રિય કરવા જણાવ્યું છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે સંગઠનને અભિયાન રીતમાં હાથ ધરવા નિર્દેશ આપ્યો છે, જેથી મોટી સંખ્યામાં નોકરીદાતાઓ અને કર્મચારીઓ આ વર્ષના બજેટમાં જાહેર કરાયેલા કાર્ય આધારિત પ્રોત્સાહન યોજનાનો લાભ મેળવી શકે. મંત્રાલયે જણાવ્યું કે, પ્રથમ તબક્કામાં નોકરીદાતાઓએ પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં નિમણૂક કરાયેલા તમામ કર્મચારીઓ માટે સાર્વત્રિક ખાતા ક્રમાંકને આ મહિનાની 30મી તારીખ સુધીમાં સક્રિય કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. બીજા તબક્કામાં ફેસ મેચિંગ ટેક્નૉલોજીદ્વારા બાયૉ-મેટ્રિક ચકાસણીને UANમાં સામેલ કરાશે.

## KHYBER PAKHTUNKHWA KILLED

પાકિસ્તાનમાં આજે ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તૂનખ્વા પ્રાન્તના એક આદિવાસી વિસ્તારમાં બંદૂકધારીઓએ પ્રવાસી વાહનો પર ગોળીબાર કરતાં ઓછામાં ઓછા 38 લોકોના મોત થયા છે. જ્યારે અન્ય 29 લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. પ્રાન્તના મુખ્ય સચિવ નદીમ અસલમ ચૌધરીએ કહ્યું કે, આ હુમલો કુર્રમ આદિવાસી જિલ્લામાં થયો હતો. મૃતકોની સંખ્યા વધવાની સંભાવના હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

જાણવા મળી રહ્યું છે કે, પ્રવાસી વાહનોના 2 કાફલા હતા. એક વાહન પેશાવરથી પારાચિનાર અને બીજું વાહન પારાચિનારથી પેશાવર જઈ રહ્યું હતું. દરમિયાન બંદૂકધારી લોકોએ તેમની પર ગોળીબાર કર્યો હતો.

## MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી**

**શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફૉલો કરી શકો છો.**

જાહેર પ્રસારક પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સહેગલે કહ્યું કે, 'નવું ઑટીટી મંચ શરૂ કરવાનું કારણ માત્ર આરોગ્ય પ્રસારણ સામગ્રી ઉપલબ્ધ કરાવવાનું નહીં, પરંતુ સમાજના દરેક વર્ગ માટે ઉપયોગી કાર્યક્રમનું પ્રસારણ કરવાનું છે.' ગૉવામાં ગઈકાલે ભારત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન શ્રી સહેગલે પ્રસાર ભારતીના ઑટીટી એટલે કે, ઑવર ધ ટૉપ મંચ "વેવ્સ" અંગે માધ્યમોને માહિતી આપી હતી. તેમણે કહ્યુંકે, 'આ મંચથી દૂરદર્શનનાતમામ સંગ્રહાયેલા લોકપ્રિય કાર્યક્રમોનું પ્રસારણ કરાશે. જ્યારે પ્રાદેશિક વારસાઓપર બનેલા સાંસ્કૃતિક કાર્યક્રમનો પણ તેમાં સમાવેશ કરાયો છે.'

પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદીએ કહ્યું કે, 'રાષ્ટ્રીય પ્રસારક તરીકે પ્રસાર ભારતીના ઑટીટી મંચનું લક્ષ્ય દેશની તમામ ભાષાઓ અને બોલીઓમાં કાર્યક્રમ સામેલ કરવાનો છે. શરૂઆતમાં માત્ર 10 ભાષાઓમાં કાર્યક્રમોનું પ્રસારણ કરાશે.'

## RBI INFLATION

ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે સતત આર્થિક વૃદ્ધિ, ખરીદશક્તિમાં સુધારો અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણના પાયા તરીકે સ્થિર ફૂગાવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. આજે ગ્લૉબલ સાઉથની મધ્યસ્થ બેન્કોની ઉચ્ચસ્તરીય નીતિ પરિષદમાં બોલતા શ્રી દાસે પ્રકાશ પાડ્યો કે, ભાવ સ્થિરતા અનિશ્ચિતતા ઘટાડીને બચત અને રોકાણોને પ્રોત્સાહિત કરીને અર્થતંત્ર અને જનતા બંનેને લાભ આપે છે.

શ્રી દાસે કહ્યું કે, ભાવ સ્થિરતા સતત વૃદ્ધિ માટે જરૂરી છે. કારણ કે, તે ખરીદશક્તિમાં વધારો કરે છે અને સ્થિર રોકાણ વાતાવરણ બનાવે છે. તેમણે ઉમેર્યું

કે, દેશની સ્થિતિસ્થાપક આર્થિક વૃદ્ધિએ ભારતીય રિઝર્વ બેન્કને સરકાર દ્વારા નિર્ધારિત 2 થી 6 ટકાની મર્યાદામાં તેના 4 ટકાના લક્ષ્યાંક સુધી ફૂગાવાને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સુગમતા પ્રદાન કરી છે.

શ્રી દાસે કહ્યું કે, લાંબાગાળાની ઊંચી વૃદ્ધિ માટે ભાવ સ્થિરતા મહત્વપૂર્ણ છે, જે અનિશ્ચિતતા અને ફૂગાવાના જોખમોને ઘટાડીને આર્થિક એજન્ટોને વધુ અસરકારક રીતે આયોજન કરવામાં સક્ષમ બનાવે છે.

## DELHI NARCOTICS

એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ- ANTFએ માદક પદાર્થોના વિરોધમાં નીતિને જોતા આજે આંતરરાષ્ટ્રીય તસ્કરોના એક જૂથની ધરપકડ કરી છે.

દિલ્હી પોલીસ ગુના શાખાએ જણાવ્યું કે, ANTFએ આ જૂથમાં એક નાઈજિરયન નાગરિકની પણ ધરપકડ કરાઈ છે. દરમિયાન ટાસ્ક ફોર્સે 3 કિલોના માદક પદાર્થ અને 6 હજારથી વધુ કેફી દવાઓ કબજે કરી છે, જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ચાર કરોડ આંકવામાં આવી છે.

## JITENDRA-VISION PAHEL

કેન્દ્રિય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં ડેવલપ્ડ ઈન્ડિયા ઈનિશિએટિવ ફોર સ્ટુડન્ટ ઈનોવેશન એન્ડ આઉટરીચ નેટવર્ક (VISION)નું ઉદ્ઘાટન કર્યું. આ પહેલનો ઉદ્દેશ વંચિત બાળકોમાં શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. તેમણે આ પહેલ પાછળની ઉદ્યોગ સાહસિક દ્રષ્ટિ અને દેશમાં વિદ્યાર્થીઓ માટે તકોના લોકશાહીકરણના દ્રષ્ટિકોણની પ્રશંસા કરી.

શ્રી સિંહે જણાવ્યું કે આ પોર્ટલ દૂરના વિસ્તારોમાં રહેતા લોકો માટે માર્ગદર્શન અને તાલીમ મેળવવા માટેનો પ્રવેશદ્વાર બનશે. આ પ્રસંગે તેમણે સ્ટાર્ટઅપ્સ, બાયોટેકનોલોજી અને અંતરીક્ષ ક્ષેત્રમાં દેશની વિકાસયાત્રા પર પણ પ્રકાશ પાડ્યો હતો. શ્રી સિંહે કહ્યું કે વિઝન જેવી પહેલ, વિઝન ઈન્ડિયા 2047 હેઠળ

ભારતને ટેકનોલોજી, શિક્ષણ અને આર્થિક વિકાસમાં વૈશ્વિક નેતા તરીકે સ્થાન આપવામાં મદદરૂપ બનશે.

## REV BADMINTON CHINA MASTERS

બેડમિન્ટનમાં, ચાઈના માસ્ટર્સ 2024 સ્પર્ધામાં ભારતીય ખેલાડી લક્ષ્ય સેન મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા છે. શ્રી સેને શેનઝેનમાં બીજા રાઉન્ડમાં ડેનમાર્કના રાસમસ ગેમકેને 21-16, 21-18થી હરાવી આ સિદ્ધિ મેળવી છે. મેન્સ ડબલ્સમાં પણ ભારતીય જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રન્કીરેડ્ડી ડેનમાર્કના રાસમસ કેજર અને ફ્રેડરિક સોગાર્ડને 21-19, 21-15થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી હતી.

ઉપરાંત ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય જોડી આજે બપોરે વિમેન્સ ડબલ્સના બીજા રાઉન્ડમાં ચીનની લિયુ શેંગ અને ટેન નિંગની જોડી સામે 16-21, 11-21થી હારી ગઈ હતી. અગાઉ ટોચનાં ભારતીય ખેલાડી પી.વી. સિંધુ મહિલા સિંગલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં સિંગાપુરનાં યેઓ જિયા મિન સામે 21-16, 17-21, 23-21થી હારી ગયાં હતાં.